# સાટું

અજવાળિયામાંથી સૂરજનું કિરણ હજુ તો માંડ ઘરમાં પ્રવેશ્યું હતું; અને ડેલાના આંગણામાં કંકાસ શરૂ થઈ ગયો. મોટી વહુ બોઘરો લઈને આંગણું વાળતી હતી અને બડબડ કરતી જતી હતી. નાની હજુ તો મેડીએથી નીચે ઊતરી નહોતી. સાસુ માણેકબા ઊઠીને છીંકણી લઈને ઓસરીની જેહ ઉપર બેઠાં હતાં. મોટી જેમ જેમ બોઘરો ફેરવતી જાય એમ એમ વધારે ને વધારે ધૂળ ઉડાડતી હતી. મોટી વહુની કેટલીક હરકતોથી માણેકબા વાકેફ જ હતાં.

આ મોટી વહુની ટેવ હતી. જ્યારે પણ એને કંઈક પેટમાં દુ:ખે ત્યારે એ સાસુનું ધ્યાન ખેંચવાનો કોઈક ને કોઈક પ્રયત્ન કરે. સાસુ ઘરની બહાર નીકળે તો અવળી ફરીને છીંક પણ ખાઈ લે. સવાર સવારમાં એની સાસુ છીંકણી તાણતાં હોય ત્યારે જ એમની સામે બોઘરો ફેરવીને ધૂળ ઉડાડે. આજે પણ એ જ પ્રમાણે ધૂળ ઊડતી જતી હતી. મોટી આમ તો બીજાના દેખતાં સાસુની ખૂબ આમન્યા રાખે; પણ ગઈ કાલ સાંજની ચડભડે એનું મન આજે ખિન્ન હતું અને એ બધી દાઝ બોઘરા ઉપર કાઢતી હતી.

"ધેમે ઉડાડો, હમણાં જ હોકળી ડોશી જોડ ચરામાંથી સેગતરા[1] મંગાઈને બોઘરો બાંધ્યો સ. ઓમ ને ઓમ જોર કાઢશો તો ચેટલા દાડા ટકશે? પસ, તમે જાહો ચરામાં સેગતરા વેણવા?"

"હુવ, આ સેગતરાય મુ જ વેણી આઈ'તી. અન ખબર તો સ. તોય શું કોમ મન બોલાવો સો?"

---

*1 સેગતરા - એક પ્રકારનું જંગલી ઘાસ જેમાંથી દેશી સાવરણો બને.*

"તે તમે લાયાં'તાં? હોકળી ડોશી વિના કોમમાં ડગલુંય ભરાતું તો નથ અને પાછાં જુઓ ન, નવાઈ કરો છો તે તમે?"

"નવાઈ તો અમે કોંય કરતાં નથ. તમારાં પેલાં મેડીએથી નેચ નથ ઊતર્યા એ નવાઈ નથ લાગતી તમોન?"

"હાય હાય... જુઓ તો બાઈ, આ મોટી ચોં ચોં નજર રાખ સ.." માણેકે ચપટી છીંકણી નાક પર અડાડી જોરથી નાક ખેંચ્યું.

મોટી વહુને બે દીકરા હતા. એક બારમામાં ભણતો હતો અને બીજો કૉલેજના પહેલા વર્ષમાં હતો. નાનીને ત્રણ બાળકો હતાં. હજુ ઊછરતાં હતાં. એને વરસ ફેરની બે મોટી દીકરીઓ હતી; એક દસ વર્ષની અને બીજી અગિયારની હતી. ભણવામાં ખૂબ હોશિયાર હતી. એક નાનો દીકરો. હજુ એ માંડ ચાર વર્ષનો હતો, પણ મોટી વહુની નજર એની બે મોટી દીકરીઓ ઉપર હતી. એને એના બંને દીકરાઓને એ છોકરીઓના સાટામાં જલદી વેંટી દેવાની ઉતાવળ હતી. એના મતે એના બેય દીકરા સગાઈ કરવા જેવડા મોટા થઈ ગયા હતા અને ક્યાંયથી કન્યાઓનો મેળ પડતો નહોતો. આ મુદ્દાને લઈને મોટી અને નાની બંને ગઈ કાલે સાંજે બરાબરની બાઝી હતી. અધિક માસ હતો એટલે સાંજ પડ્યે સાસુ કથા સાંભળવા મઠમાં ગયાં હતાં.

સાસુની ગેરહાજરીમાં ઓસરીમાં કામ કરતી નાનીને એકલી જોઈને મોટી વહુ એની પાસે જઈને પ્રેમથી બેઠી. નાની થાળીમાં નીચી નજર રાખીને મગમાંથી કાંકરા વીણી રહી હતી. મોટીએ હસીને એના હાથમાંથી થાળી ખેંચી અને પોતે મગમાંથી કાંકરા વીણવા લાગી. એ લાગ જોઈને નાની ફટાક ઊભી થઈ ગઈ. એ ઘરમાં જતી જ હતી ત્યાં મોટીએ કાકલુદી કરતા એને રોકી.

"એ હાંભળને..."

નાની ઊભી રહી ગઈ. માથે સાડલો ખેંચી પાછું ફરીને જેઠાણી સામે એ પ્રશ્નાર્થ સાથે તાકી.

મોટીનો હાથ થાળીમાં વેરાયેલા મગમાં ફરતો હતો, ફરતો હતો એટલે કે, માત્ર ફરતો જ હતો. એના હાથમાં કોઈ કાંકરા નહોતા આવતા. પણ એની નજર પાસે જ ઊભેલી નાનીના ગોરા પગ અને એ પગમાં શોભતી

સોનાની માછલીઓ પર સ્થિર થઈ ગઈ હતી. નાનીએ જોયું. એ જોઈને નાનીએ એના પગની એક પાની ભોંય પર થપથપાવી, એટલે હાથમાં મગના દાણા રમાડતી મોટીએ પકડાઈ ગયાના ભાવ સાથે નાની સામે ઊંચું જોયું. નાની કમર પર હાથ રાખીને જેઠાણી સામે ધારીને જોઈ રહી.

"હ..." ઠાવકાઈથી નાનીએ ઉત્તર વાળ્યો. મોટી તરત જ મૂળ મુદ્દા પર આવી ગઈ. "જો ન... હવ મારા બેય મોટા થયા સ ન ચોય મેળ નથ પડતો..."

"તો?"

"તું હમજ ન બાઈ."

"શું હમજુ? તમે મગનું નામ પાડો તો ખબર પડેને; હમજવાની!"

"અલી, મન શું, બોલાવ સ... તન ખબર તો સ... હાટાનું કો'ક વિચારને."

"એકની એક વાતનો તંતુ તમે મેલતાં જ નથી."

ફરીથી કાકલુદીના સ્વરમાં મોટી બોલી, "પણ જો ન બુન, તાર તો હજુ ખૂબ વાર સ. એટલે તન હાથ જોડું છું, તારી છોડીઓનું હાટું મન આલ તો મારા બેય ઠેકોણે પડ..."

"હાટું? પસ મુ શું કરું?" આંખો ઉલાળતાં નાનીએ પોતાની ચિંતા વ્યક્તિ કરી.

"તાર શું કરવાનું સ? તાર તો હજુ વાર સ ન બુન!"

પાડોશમાં લાભુમાના કાને માણેકની વહુઓની ચણભણ પડી. એ ઊભાં થયાં અને એમના ઘરની ઓસરીની જેહ પર એ રીતે આવીને બેઠાં કે જેથી બધી વાતો એમને ચોખ્ખી સંભળાય. ચોકમાં છોકરાં રમતાં હતાં એના અવાજમાં પાડોશીની બધી વાતો નહોતી સંભળાતી તો પણ એમના કાન તો એ બાજુ મંડાયેલા હતા.

નાનીએ જેઠાણીની વાતને ભાવ ના આપ્યો. એને કહ્યું, "ભલ ન રહી વાર. મુ તો હાચવીને રાખ્યોય બેય હાટાં, મારા નેનકા માટે."

"અર ભલી થાય તારી બુન; તાર'તો એક સ 'ને નેનો સ હજુ...!"

"ભલે..."

"તે તું છોડીઓને ચો હુધી કુંવારી રાખે?" હક દાખવતી હોય એમ મોટી બોલી.

"એ તો માર જોવાનું સ. તમાર શું?" કોરી આંખો સાથે નાનીએ ઉત્તર વાળ્યો.

"કહું સુ; લે હેડ બેની વાત છોડ! હાલ એક આલ. પસ બીજીનું જોયું જાહ."

"ના રે, કાલ માર બીજું આવ તો! માર ચો હોધવા જાવું એના માટ?"

"ચમ, તારે વળી બીજું શું આવવાનું સ?" મોટીએ આ વાતે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"એ કેતા'તા, બે દીકરા હોય તો હારા!"

"શું?" મોટીની આંખો પહોળી થઈ ગઈ.

"હુવ. મારીય ઇચ્છા સ બીજાની, હજુ."

"જોતી નથ મારી શું હાલત સ બે પાળ્યા સ તે." મોટી ઉશ્કેરાણી.

"એ તો તમાર પેલા વિચારવું'તું ન?"

"શું વિચારવાનું હતું માર?" નાનીના શબ્દોનો ઘા મોટીને બરાબરનો વાગ્યો.

"મુ બે દા'ડા પહેલાં ગઈ'તી દવાખોને..."

"ચમ?" મોટીની આંખો ચાર થઈ ગઈ.

"આ ફૅમિલી પ્લોનિંગ ચેવી રીતે થાય એ હમજવા. ઈ પેલાં શાંતાબુન નર્સ મળ્યા'તાં."

"હા, પણ તુ ચમ જઈ'તી દવાખોન?" દબાતા અવાજે મોટીએ વાતને વાળવાનો પ્રયત્ન કર્યો.

"કીધું તો ખરું, પ્લોનિંગ માટ. શાંતાબુન વાત કરતાં ક..."

"શું વાત કરતી એ?"

"એ ક... તારી જેઠોણી પૈણીન આઈ એ જ વરહમાં બે વાર પડાયું'તું." મોટીએ વાત સાંભળતાં જ કપાળે હાથ મૂક્યો. બોલી; "હાય... હાય... આટલાં વરહ પસ એ દાક્તરોણી[2] આવી વાત કર સ?"

"બેય વાર લક્ષ્મીઓ જ હતી." નાની શાંતિથી જેઠાણીને નવી નવી વાચો કરીને ભીંસમાં લઈ રહી હતી.

આ વાત ઉપર તો જેઠાણી એની દેરાણી પર ઊકળી. "નોંના-મોટાની આમન્યા જ નથ રાખતી આજકાલની નવીનવાઈ ન આઈ સ તે. અન તાર શું જોવાનું, મારે જે કરવું હોય એ કરું..."

"કરો ન, મારે શું? પણ, તમે જ વિચારો. દવા ના ખાધી હોત તો આજે તમારા બેય વેંટાઈ જ્યાં હોત ને!?" વેધક સવાલે મોટીને દુઃખી કરી નાખી. "હા, ખાધી'તી દવા. બે વાર ખાધી'તી, બોલ. આઈ મોટી સલાહવાળી. તન ખબર શું સ આ ઘરની; મુ આઈ તાણ શું દશા હતી એ?"

"એમ, શું દશા હતી?"

"જઈ ન તારા ઘરવાળા ન પૂશ. શું દશા હતી એ. ભણવાના પૈસાય ન'તા."

"પણ તમે પસ રાહ તો ના જોઈ ન! તરત લાયાં બે ઉપરાછાપરી, દીકરા!"

નાની કોઈ વાતે કેડો મૂકે એમ નહોતી અને મોટી પાસે એનો જવાબ નહોતો. એ ખૂબ ઉશ્કેરાઈ. બબડવા લાગી. થાળી પછાડી. વીણેલા મગમાં કાંકરાય નાખી દીધા. એ પગ પછાડતી ગઈ રસોડામાં, એ ધમધમ ચાલી ત્યાં ઠોકરે મગ વેરાઈ ગયા. હજુ તો સંધ્યા થવામાં જ હતી અને આંગણામાં આવીને ચોકડીમાં પગ ધોતા ધણીને જોઈને એનેય તુકારે લઈ લીધો. નાનીને તો બરાબરની ધમકાવી જ નાખી. નાની આ બધું શાંત મગજે સાંભળી રહી અને જોઈ પણ રહી.

બાજુના ઘેરથી લાભુમાએ આખી રામાયણ કાન માંડીને સાંભળી; પછી 'શું જમાનો આયો સ' કહીને ઊભાં થઈ ઘરમાં કામે લાગ્યાં.

---

*2 દાક્તરોણી – સ્ત્રી દાક્તર*